# રાજસ્થાનમાં પ્રચારના પડઘમ શાંત

જયપુર,તા. ૨૯

રાજસ્થાનમાં ૧૪મી વિધાનસભા ચૂંટણી માટે મતદાન માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ચૂંટણી પ્રચારનો આજે સાંજે પાંચ વાગ્યે અંત આવ્યો હતો. હવે પહેલી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે. સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ઇલેક્ટ્રોનીક વોટિંગ મશીન મારફતે પહેલી ડિસેમ્બરે મતદાન કરવામાં આવશે. બાકી રહેલી વિધાનસભાની ચૂરુ બેઠક માટે ૧૩મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે. રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે કુલ ૭૩૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાંછે જે પૈકી ૧૧૧ ઉમેદવારો સામે ફોજદારી આરોપો થયેલા છે. આમાં ૬૨ ઉમેદવાર એવા છે જેમની સામે હત્યા, હત્યાના પ્રયાસ, મહિલાઓ સામે ગુનાઓ જેવા ગંભીર આક્ષેપો રહેલા છે. મુખ્ય ચૂંટણી અધિકારી અશોક જૈને રાજયના મતદારોને અપીલ કરી છે કે લોકશાહી વ્યવસ્થાને મજબૂત કરવા માટે કોઈપણ ભય વગર મતદાનમાં ભાગ લે. પોતાના



પસંદગીના ઉમેદવારની પસંદગી કરવા તમામ લોકોએ મતદાનમાં ભાગ લેવાની જરૂર છે. સ્વતંત્ર, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણી માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ૨૯મી નવેમ્બર એટલે કે આજે ચૂંટણી પ્રચારનો અંત આવી જશે. ત્યારબાદ જાહેર સભા યોજવા, સરઘસ કાઢવા, દૂરદર્શન અને ઇલેક્ટ્રોનીક્સ મીડિયાના માધ્યમથી ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં. ચૂંટણી માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે રાજયમાં દૂરગામી વિસ્તારોમાં જનાર ૮૭૪૯ મતદારોને મતદાન કરાવવા માટે તમામ જરૂરી સાધન સામગ્રી માટે મોકલવામાં આવ્યા છે.

મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ રાજસ્થાનમાં મતદાન માટે ૪૭૨૨૩ મતદાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ મતદાન કેન્દ્ર માધ્યમથી રાજયના ૪,૦૮,૨૯,૩૨૮ મતદારો પોતાના મતાધિકારોનો ઉપયોગ કરવા ઉત્સુક બનેલા છે. આ મતદારોમાં ૨,૧૪,૫૦,૨૦૫ પુરુષ મતદારો અને ૧,૯૨,૭૫,૯૧૯ મહિલા મતદારો છે. જ્યારે ૩૩ અન્ય મતદારો છે. રાજ્યોમાં કુલ ૧,૦૩,૧૭૧ સર્વિસ વોટરો છે. રાજયમાં ૯૯.૭૨ ટકા મતદારોને ઓળખપત્રો આપવામાં આવી ચૂક્યા છે જેને કહ્યું હતું કે રાજયમાં પ્રથમ વખત મતદારોને મતદાન સાથે સંબંધિત કાગળોનું વિતરણ પણ કરવામાં આવી ચૂક્યું છે. રાજસ્થાનમાં ઉમેદવારોમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

## લાલુ યાદવની અરજી પર સીબીઆઈને નોટિસ મળી

નવી દિલ્હી,તા. ૨૯

સુપ્રીમ કોર્ટે જામીન માટે રાષ્ટ્રીય જનતાદળના નેતા લાલુ પ્રસાદ યાદવ દ્વારા કરવામાં આવેલી અરજી બાદ સીબીઆઈને આજે નોટિસ ફટકારી છે. લાલુ યાદવ હાલમાં જેલમાં છે. સમગ્ર દેશમાં ચકચાર જગાવનાર ઘાસચારા કૌભાંડ કેસના સંબંધમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ લાલુ યાદવ હાલમાં જેલમાં છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમ અને જસ્ટિસ રંજન ગોગોઈની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે નોટિસ જારી કરી હતી. અગાઉ વરિષ્ઠ વકીલ રામ જેઠમલાણીએ કોર્ટ સમક્ષ કહ્યુ હતુ કે આ કેસમાં ૪૪ લોકોને અપરાધી ઠેરવવામાં આવ્યા છે જે પૈકીના ૩૭ને જામીન આપવામાં આવી ચુક્યા છે. છની જામીન અરજીઓ વિચારણા હેઠળ છે. જેઠમલાણીએ કોર્ટ સમક્ષ કહ્યુ હતુ કે લાલુ સિવાય કોઈ પણ અરપાધીને જામીન આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો નથી. તેમણે કહ્યુ હતુ કે અન્ય જે અપરાધીને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે તે જામીન પર છે. કોર્ટે એવી માહિતી મેળવવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે લાલુ યાદવને થોડાક દિવસ પહેલા જ આકરી જેલની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે કહ્યુ છે કે સીબીઆઈને નોટિસનો બે સપ્તાહમાં જવાબ આપવો પડશે. સમગ્ર મામલામાં ૧૩મી ડિસેમ્બરના દિવસે વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. લાલુ યાદવની સાથે ચારા કૌભાંડમાં અન્ય ૪૪ લોકોને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા જે પૈકી કેટલાક વરિષ્ઠ અધિકારીઓ અને રાજકારણીઓ હતા. ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાને પણ જેલની સજા ફટકારવામાં આવી હતી.

## તલવાર દંપત્તિને આગરા સેન્ટ્રલ જેલમાં ખસેડાશે

નવી દિલ્હી,તા. ૨૯

આરૂષિ-હેમરાજ હત્યા કેસમાં આરોપોનો સામનો કરી રહેલા ડેન્ટીસ્ટ દંપત્તિ રાજેશ અને નૂપુર તલવારને ટૂંકમાં જ આગરાની સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવશે. દસના જેલમાંથી તેમને હવે આગરા સેનટ્રલ જેલમાં ખસેડવામાં આવશે.

ડેન્ટીસ્ટ દંપત્તિને હાલમાં જ પુત્રી આરૂષિ અને નોકર હેમરાજની હત્યા કરવાના મામલામાં આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. દસના જેલના અધિકારી રાજ શર્માએ કહ્યુ છેકે નિયમ મુજબ સાત વર્ષ અથવા તો તેનાથી વધુ સજા જો કોઈ કેદીને ફટકારવામાં આવે છે તો તેમને આગરા સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવે છે. જો કે તલવાર દંપત્તિએ આગરા જેલમાં ખસેડવાથી તેમને મુક્તિ આપવાની માંગ કરીને જેલ સત્તાવાળાઓને પત્ર લખ્યો છે.

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

જો કે થોડાં વર્ષોથી અહીં હવે એક સેન્ટ્રલ કો.ઓ. સોસાયટી બની છે તેને Ellow Hwego Ltd કહે છે.

આ સોસાયટીનો સ્ટોર એ જ નિકોબારનું મુખ્ય સેન્ટર, સમગ્ર નિકોબારની પ્રજાની જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સ્ટોર દ્વારા પુરી પાડવામાં આવે છે. એમાં એવી વ્યવસ્થા છે કે પંદર ગામો એની હોર્ડપનામ હિનેન્ગો છે. પંદર સહકારી સોસાયટીઓ. આ સોસાયટી પોતાના ગામમાં પેદા થતું કોપરૂં અને સોપારી ભેગા કરી મુખ્ય સ્ટોરમાં મોકલાવે અને મુખ્ય સ્ટોર દ્વારા અહિંથી બહાર મોકલવામાં આવે. અહીં કોપરૂં કે સોપારી સીધે સીધું મોકલી શકાય નહિ. એવી વ્યવસથા છે. જે તે ગામના લોકોને જે ચીજ જોઇતી હોય તે આ સ્ટોરમાંથી આપવામાં આવે.

આ નિકોબારીઝ આદિવાસી પ્રજા નેપાળી કે ચીનાઓ જેવા ચહેરા મહોરા વાળી લાગે. એમના પહેરવેશની પદ્ધતિ પણ એજ પ્રકારની લાગે છે. આ લોકો પાનના જબરા શોખીન છે. મહેમાનને માંસ રાંધીને ખવડાવે તો ભવ્ય સ્વાગત થયું ગણાય. અને પાનમાં તમાકુ નાંખીને આપવામાં આવે તો શાહી સ્વાગત ગણાય છે. તેઓ 'શોમ્પેન' તરીકે ઓળખાતી વિશિષ્ટ પ્રકારની બોલી બોલે છે. આ બોલીમાં માનવની બધી જ લાગણીઓ, ઉર્મિઓ અને વિચારો વ્યક્ત કરી શકવાની ક્ષમતા છે. તેથી એમની બોલી વિકસીત ગણાય છે અને એને કોઇ લિપી નથી.

ઇ.સ. ૧૯૩૧માં ડચ મિશનરી પેસ્ટર રોઝને Pastor-Rosen પ્રથમ વખત આ શોમ્પેન જાતિનો નિર્દેશ કરેલો. ૧૮૪૮માં સ્ટીમ બીલ Steem-Bill નામના દરિયાઇ અધિકારીએ પ્રથમ વખત એમની મુલાકાત લીધી. ૧૮૮૧માં અંગ્રેજ સરકારે આ ટાપુઓને અન્ય ટાપુઓનાં સંચાલન નીચે જોડી લીધા.

અત્યારે સરકારે જે નિવૃત્ત લશ્કરી અને અન્ય અધિકારીઓ છે તેમને લાવીને અહીં વસાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં ઘણાં ભાગે શીખો છે. સરકારના પ્રયત્નો દ્વારા તે લોકો આદિવાસીઓનાં સંપર્કમાં આવે, હવેમળે અને ભળે એવા પ્રયત્નો થઇ રહ્યાં છે.

અમે ત્યાંથી પાછા વળ્યાં જેટ્ટી સુધી આવતાં દિવસો આથમી રહ્યો હતો. અહીં સાંજનું વાળુ પતાવ્યા પછી મોડી રાત્રે અમારી શીપ ઉપડશે એવું જાણવા મળતાં મનને નિરાંત હતી. ઝગમગતા તારાઓ ભર્યું આકાશ, સામે ઘુઘવતો દરિયો અને ઠંડો પવન આહ્લાદક લાગતો હતો.

(ક્રમશઃ)

## તરૂણ તેજપાલના આવાસ પર દરોડા

નવી દિલ્હી, પણજી,તા. ૨૯

બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા તહેલકાના તંત્રી તરુણ તેજપાલને આજે કામચલાઉ રાહત મળી હતી કારણ કે ગોવામાં સેશન્સ કોર્ટે આવતીકાલે સવારે ૧૦ વાગ્ય સુધી તેમને જામીન આપી દીધા હતા. ગોવા પોલીસ દ્વારા સમન્સ જારી કરી દેવામાં આવ્યા બાદ તહેલકાના સ્થાપક એડિટર તરૂણ તેજપાલ આજે સાંજે ગોવા પહોંચ્ય હતા. અગાઉ તેમના પત્નિ ગિતમબર્તા, તેમની પુત્રી પૈકીની એક પુત્રી અને ભાઈ દિલ્હી વિમાની મથકે પહોંચ્યા હતા. જ્યાંથી તેઓએ પણજી માટેની ફ્લાઈટ પકડી હતી. તેજપાલે ગોવા જતી વેળા કહ્યુ હતુ કે તેઓ સમન્સ મળ્યા બાદ ગોવા જઈ રહ્યા છે. તરૂણ તેજપાલ અને તેમના પરિવારના સભ્યો ટેન્શનમાં દેખાઈ રહ્યા હતા. જો કે આજે તેમને કામચલાઉ રાહત મળી હતી. તેમની ધરપકડને હવે આવતીકાલ સુધી ટાળી દેવામાં આવી છે. તેમની ધરપકડનો લઈને અગાઉ વિરોધાભાસી અહેવાલ આવવા લાગ્યા હતા. વિમાનમાં જ તેમની ધરપકડ કરાઈ હતી તેવા અહેવાલ આવ્યા હતા. તેમના વકીલે કહ્યુ હતુ કે તેમની ધરપકડ કરાઈ ન હતી. મોડેથી એવો ખુલાસો કરાયો હતો કે ગોવા કોર્ટે તેમની ધરપકડ પર એક



દિવસ માટે વચગાળાનો મનાઈ હુકમ મુકી દીધો છે જેથી તેમની ધરપકડ થઈ શકી નથી. સાંજે છ વાગ્યે તેમની જામીન પર સુનાવણી ટળી ગઈ હતી. હવે આવતીકાલે જામીન અરજી પર ચુકાદો આવ્યા બાદ જ પોલીસ તેમની ધરપકડની દિશામાં પગલા લેશે. અગાઉ તેજપાલની મુશ્કેલીઓ સતત વધી ગઈ હતી. ગોવા પોલીસની ટીમે આજે સવારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં તરુણ તેજપાલના આવાસ અને તેમની ઓફિસો ઉપર વ્યાપક દરોડાની કામગીરી શરૂ કરતા ખળભળાટ મચી ગયો હતો. તરુણ તેજપાલને પકડી પાડવાના હેતુસર જુદી જુદી જગ્યાઓ પર સવારથી જ દરોડાની કામગીરી શરૂ થઈ હતી. ગોવા પોલીસની ટુકડી સવારે છ વાગે તરુણ તેજપાલના જંગપુરા સ્થિત આવાસ ઉપર પહોંચી હતી. આશરે બે કલાક સુધી પોલીસના અધિકારી ઘરમાં જ રહ્યા હતા પરંતુ વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ તરુણ તેજપાલ ઘરે ઉપસ્થિત રહ્યા ન હતા. પોલીસે પરિવારના સભ્યોની આકરી પૂછપરછ કરી હતી. અગ્રણી ટીવી ચેનલોએ અહેવાલમાં જણાવ્યું છે કે જુદી જુદી જગ્યાઓ ઉપર દરોડાની કામગીરી દરમિયાન તમામ વિગતો ગુપ્ત રાખવામાં આવી હતી. તેજપાલની સામે બિનજામીન પાત્ર ધરપકડ વોરંટ જારી કરવામાં આવી ચૂક્યું છે. તેજપાલ ઉપર પોતાના મેગેઝિનના પત્રકારના બળાત્કારના આક્ષેપો બાદ તેમની મુશ્કેલીઓ વધી છે. આ યુવતીએ તેજપાલ ઉપર બળાત્કારના પ્રયાસોનો આક્ષેપ કર્યો છે. ગોવા પોલીસે ગઈકાલે બપોર સુધી શરણાગતિ સ્વીકારી લેવા તરુણ તેજપાલને સૂચના આપી હતી પરંતુ તેજપાલ પહોંચી શક્યો ન હતો. તરુણ તેજપાલે એક પત્ર લખીને પોલીસ સમક્ષ ઉપસ્થિત થવા શનિવાર સુધી મહેતલ માગી હતી. પરંતુ આ મહેતલ આપવામાં આવી ન હતી. ગોવા પોલીસના ડીઆઈજીના કહેવા મુજબ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તેમને વધારે સમય આપી શકાય નહીં.

## ટીવી સામગ્રી રેગ્યુલેટ કરવા સરકારને નોટિસ

નવી દિલ્હી,તા. ૨૯

ટેલિવિઝન ચેનલો પર દર્શાવાતી સામગ્રીને રેગ્યુલેટ કરવા સ્વતંત્ર વ્યવસ્થાની રચના કરવા માટે કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકાર અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (પીસીઆઈ)ને નોટિસ ફટકારી હતી. ચીફ જસ્ટિસ પી સથાશિવમ અને જસ્ટિસ રંગનગોગોઈની બનેલી બેંચે માહિતી અને પ્રસારણ મંત્રાલય તથા કાયદા મંત્રાલય પાસેથી જવાબની માંગ કરી છે. જાહેર હીતની અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ચેનલો દ્વારા ધારાધોરણોનો ખુલ્લો ભંગ કરવામાં આવી રહ્યો છે. એનજીઓ હિન્દુ જાગૃતિ સમિતિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર સુપ્રીમ કોર્ટે આ મુજબનો આદેશ આપ્યો હતો. આ મુદ્દામાં સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરીની માંગ પણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટીવી ચેનલો પર કેટલીક એવી વસ્તુઓ રજુ કરવામાં આવી રહી છે જેની સામે વારંવાર વાંધો ઉઠાવવામાં આવ્યો છે. પોર્નોગ્રાફી અને ચાઈલ્ડ પોર્નોગ્રાફીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે પહેલાથી જ લાલ આંખ કરી છે.

**લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો**

## કાંબલી પર હાર્ટએટેક થતા ક્રિકેટ ચાહકોમાં ભારે ચર્ચા

નવી દિલ્હી,તા. ૨૯

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર વિનોદ કાંબલી પર હાર્ટએટેક થયા બાદ મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા ક્રિકેટ ચાહકોમાં ભારે ચર્ચા રહી હતી. વર્ષ ૨૦૧૨માં કામલી પર એન્જીઓપ્લાસ્ટી કરવામાં આવી હતી. ૧૮મી જાન્યુઆરીના દિવસે ૪૨ વર્ષની વય પર પહોંચનાર વિનોદ કાંબલીએ ભારત તરફથી ૧૭ ટેસ્ટમેચ અને ૧૦૪ વનડે રમી છે. પોતાની શાનદાર બેટિંગ માટે જાણીતા રહેલા વિનોદ કાંબલી ક્રિકેટથી દૂર રહ્યા બાદ ટીવી શોમાં નજરે પડતો રહ્યો છે. તાજેતરમાં જ તે પોતાના જુના મિત્ર સચિન તેન્ડુલકરની સામે પોતાને ભાવનાઓને વ્યક્ત કરવા માટે ચર્ચામાં રહ્યો હતો. કાંબલીએ સ્કૂલી ક્રિકેટમાં સચિન તેન્ડુલકરની સાથે ૬૬૪ રનની તત્કાલિન વિશ્વવિક્રમની ભાગીદારી નોંધાવી હતી. તાજેતરમાં સચિન તેન્ડુલકરની નિવૃત્તિ બાદ કાંબલીએ કહ્યુ હતુકે તેને આ બાબતનું દુઃખ છે કે સચિને વિદાય ભોજન કાર્યક્રમ માટે તેને આમંત્રણ આપ્યુ ન હતુ. મુંબઈની



લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયેલા કાંબલીને મળવા માટે ઘણા લોકો પહોંચ્યા હતા. એટેકના અહેવાલ બાદ ચાહકોમાં પણ ચર્ચા રહી હતી. વિનોદ કાંબલીએ પ્રથમ આઠ ટેસ્ટ ઈનિંગ્સમાં બે બેવડી સદી અને બે સદી ફટકારી હતી. ૧૯૯૩માં ક્રિકેટમાં એન્ટ્રી કર્યા બાદથી ઘણી શાનદાર ઈનિંગ્સો રમી હતી. કાંબલીએ ૫૪.૨૦ રનની સરેરાશ સાથે રન બનાવ્યા હતા. કાંબલીએ બે સદી સાથે ૧૦૪ વનડે મેચોમાં ૨૪૭૭ રન બનાવ્યા હતા. વર્ષ ૨૦૦૯માં કાંબલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ૨૦૧૧માં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. કાંબલીએ ૨૪ વર્ષની વય પહેલા જ ૧૦૮૪ રન પૂરા કરી લીધા હતા. એક વખતે એમ માનવામાં આવતુ હતુ કે કાંબલી સચિનની જેમ જ ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરશે પરંતુ ગેરશિસ્ત અને અન્ય કારણોસર તે વિવાદમાં રહ્યો હતો. હાલમાં કાંબલી હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ છે. ઘણા ટેસ્ટ પણ કરવામાં આવ્યા છે.

## મુસદ્દા તેલંગાણા બિલ ચોથી ડિસેમ્બરે કેબિનેટમાં રજૂ થશે


નવી દિલ્હી,તા. ૨૯

નવા તેલંગાણા રાજ્યની પ્રદેશના ૧૦ જિલ્લાઓ સાથે રચના કરવામાં આવશે. જીઓએમના અહેવાલને લઈને કેબીનેટમાં ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. મળેલી માહિતી મુજબ મુસદા તેલંગાણા બિલ ૪થી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આંધ્રપ્રદેશમાંથી વિભાજન કરીને તેલંગાણા રાજ્યની રચના કરવા સાથે સંબંધિત અહેવાલમાં ઘણી બધી વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગ્રૂપ ઓપ મિનિસ્ટર્સ દ્વારા અહેવાલને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. મળેલી માહિતી મુજબ જીઓએમનો અંતિમ અહેવાલ તથા સાથે સાથે એપી રિઓર્ગેનાઈઝેશન બિલ ૨૦૧૩ ૪થી ડિસેમ્બરના દિવસે કેન્દ્રીય કેબીનેટ સમક્ષ રજૂ કરાશે. કેબીનેટ આ જ દિવસે સાંજે પાંચ વાગે મળનારી તેની બેઠકમાં તેને મંજૂરી માટે આ બંને બિલ રજૂ કરશે. ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ માહિતી આપતા કહ્યું છે કે તમામ સાવચેતી રાખવામાં આવી ચૂકી છે. આ બિલમાં કોઈપણ ખામી ન રહે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. કાયદાકીય નિષ્ણાંતોના અભિપ્રાય પણ મેળવવામાં આવી ચૂક્યા છે. જટિલ મુદ્દાઓ કયા છે તે અંગે પૂછવામાં આવતા શિંદેનું કહેવું છે કે હૈદરાબાદ અને ભદ્રચલમને લઈને કોઈ વિવાદ નથી. છેલ્લી ઘડીએ કોઈપણ ફેરફાર કરાશે નહીં. બિલના લીધે કોઈને પણ સમસ્યા ઊભી થશે નહીં. વિભાજન સાથે સંબંધિત તમામ સમસ્યાઓને દૂર કરી લેવામાં આવી છે. શિંદેએ જાહેરાત કરી છે કે હવે કોઈપણ ગૂંચવણ રહી નથી. જીઓએમની રચના કરાયાના ૪૯ દિવસ બાદ જીઓએમ દ્વારા તમામ રાજકીય પક્ષો, કેન્દ્રીય પ્રધાનો, સાંસદો, ધારાસભ્યો, વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત થઈ ચૂકી છે.

## જમ્મુ કાશ્મીરમાં તીવ્ર ઠંડીનું મોજુ

શ્રીનગર,તા. ૨૯

જમ્મુ કાશ્મીર અને દેશના જુદા જુદા ભાગોમાં કાતીલ ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. જમ્મુ કાશ્મીરમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. લડાખ પ્રદેશમાં રાત્રી તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ખીણના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્યથી પણ નીચે પહોંચ્યુ છે. લઘુત્તમ તાપમાનમાં હજુ ઘટાડો નોંધાય તેવી શક્યતા દેખાઈ રહી છે. લેહમાં તાપમાન માઈનસ ૯.૭ ડિગ્રી નોંધાયુ છે. ગઈકાલે તાપમાન માઈનસ ૯.૯ ડિગ્રી હતુ. આવી જ રીતે કારગીલમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૫.૮ ડિગ્રી થયુ છે. ગઈકાલે માઈનસ ૫.૪ ડિગ્રી હતુ. જુદા જુદા વિસ્તારોમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દક્ષિણ કાશ્મીરમાં



વાર્ષિક અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓના બેજ કેમ્પ તરીકે ગણાતા ટ્યુરિસ્ટ રિસોર્ટ પહેલગામમાં તાપમાન માઈનસ ૩.૮ ડિગ્રી નોંધાયુ છે જે ગઈકાલે માઈનસ ૨.૪ ડિગ્રી હતુ. અધિકારીઓના કહેવા મુજબ વિશ્વપ્રસિદ્ધ સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં માઈનસ ૦.૫ ડિગ્રી તાપમાન થયુ છે જે અગાઉ માઈનસ ૦.૮ ડિગ્રી હતુ. અધિકારીઓના કહેવા મુજબ ઉત્તર કાશ્મીરના કુપવારામાં લઘુત્તમ તાપમાન ઘટીને માઈનસ ૩ ડિગ્રી થયુ છે. આવનાર દિવસોમાં ઠંડીમાં વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કાશ્મીર ખીણ અને લડાખ પ્રદેશમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આ બને તીવ્ર ઠંડીના સકંજામાં આવી ગયા છે. ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ છે. જમ્મુ કાશ્મીર ઉપરાંત હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં પણ લોકો રાત્રી ગાળા દરમિયાન તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

## આફ્રિકન ખેલાડીઓ ખરાબ ફોર્મમાં હોવાથી ચિંતા ફેલાઈ

નવી દિલ્હી,તા. ૨૯

દક્ષિણ આફ્રિકા અને પાકિસ્તાન વચ્ચે આવતીકાલે ત્રીજી અને અંતિમ વન-ડે મેચ રમાનાર છે. અલબત્ત પાકિસ્તાને આ વન-ડે શ્રેણી જીતી લીધી છે પરંતુ આફ્રિકા તેની પ્રતિષ્ઠાને બચાવવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. બીજી બાજુ આફ્રિકાની છાવણીમાં ચિંતા પ્રવર્તી રહી છે. કારણ કે આફ્રિકા પાકિસ્તાન બાદ ભારત સામે રમાનાર છે જેથી ટીમ મેનેજમેન્ટ દ્વારા ખેલાડીઓ ફોર્મમાં પરત ફરે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પાંચમી ડિસેમ્બરથી શરૂ થઈ રહેલી ભારત સામેની ત્રણ વન-ડે મેચોની શ્રેણીને લઈને આફ્રિકા તૈયારીમાં વ્યસ્ત છે. દક્ષિણ આફ્રિકામાં ભારત વન-ડે શ્રેણી માટે ફેવરીટ નથી પરંતુ પાકિસ્તાને સાબિત કર્યુ છે કે આફ્રિકાની ટીમ ઘર આંગણે અપરાજિત નથી. આ વર્ષે ઘર આંગણે રેકોર્ડ દર્શાવે છે કે આફ્રિકાએ છેલ્લે ત્રણ શ્રેણી પૈકી બે ગુમાવી છે. ૨૦૧૩માં આફ્રિકાએ ૧૦ મેચો ગુમાવી છે અને ૧૧માં જીત મેળવી છે. બીજી બાજુ ભારતે અતિ શાનદાર દેખાવ કર્યો છે. ભારતે સતત છ વન-ડે શ્રેણી જીતી છે જેમાં ચેમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ થાય છે જેથી ભારત અને આફ્રિકા વચ્ચેની શ્રેણીને લઈને અત્યારથી જ જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે. બંને ટીમો શ્રેષ્ઠ દેખાવ કરવાની તૈયારીમાં છે.

### ક્યાં છે બાળક? (પાના નં. ૪ નું ચાલુ)

- વેકેશનમાં... રજાઓ એને ક્યાંક બહાર રખડવા લઇ જાય. પ્રકૃતિ વિહાર કરાવો. સજીવ સૃષ્ટિની વ્યાપકતા અને વિશાળતાનો એને અહેસાસ કરાવો. પુસ્તકનાં બે પુઠાં વચ્ચે છે કરતાં અનેકગણું જ્ઞાન આવી Oper University માં છે એ જ્ઞાનને પગલે પગલે સમજણ, વિવેક અને ડહાપણનો સંસાર બાળકના વ્યક્તિત્વમાં થશે.
- ક્યારેક એની સરખામણી કોઇ અન્ય સાથે ન જ કરશો. એ એકમેવ છે, અનન્ય છે, વિશેષ છે એની સતત પ્રતીતિ એને કરાવતા રહેજો. એની છૂપી શક્તિઓની ચિનગારી તમને ક્યારેક દેખાઇ જાય તો ફૂંક મારી એની ઉપરની રાખને ઉડાડતા રહેજો.
- એને કેવળ બાળક તરીકે, બહુ નાનો છે એ રીતે એ માત્ર વિદ્યાર્થી છે એ રીતે જોવાનું બંધ કરીને એ એક વ્યક્તિ છે, એનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને એનું મૌલિક વ્યક્તિત્વ છે એ રીતે જોવાનું શરૂ કરો. એને તમારી સાથે હળી-મળી જવામાં જરાય વાર નહીં લાગે.

એ તમારાથી અડતું નહીં રહે. એના વિચારો, એની લાગણીઓ અને એની સંવેદનાઓ એ એ નિર્ભય પણે તમારી પાસે વ્યક્ત કરતું રહેશે.

બાળક સાથેની રમતમાં તમે બધું હારી જાવ... તો જંગ જીતી જશો. બાળકને ઊઘાડવાની આ ચાવી છે... એને કોઇ એવા લોકરમાં ન મૂકી દેશો કે પછી જડે જ નહીં!

બાળક 'ખૂલે અને ખીલે' એ માટેની આ બધી સાંકળી કેડીઓ છે... એની ઉપર એક સાથે કદાચ એક-બેથી વધારે માણસો નહીં ચાલી શકે. માટે બીજા બધાની સાથે ચાલવાનો, સાથે રહેવાનો કે એ બધા કરે એવું કરવાનો નિરર્થક પ્રયત્ન ન કરશો. તમારા અંતરાત્માને ઢંઢોળતા રહો અને બાળકના અંતરાત્માને સ્પર્શતા રહો...

ખૂબ મઝા આવશે આ અદ્ભૂત જિંદગીની!